બ્રાન્ડેડ ફ્રેમ • કોસ્મેટીક કોન્ટેક્ટ લેન્સ • ગોગલ્સ
Shades
SUKHARAM OPTICAL HOUSE
સુખારામ ઓપ્ટીકલ હાઉસ
સુખારામ આઇ ક્લીનિક (Only On Appointment Basis)
કોમ્પ્યુટરાઇઝડ આઇ ટેસ્ટીંગ કોન્ટેક્ટ લેન્સ ક્લીનિક
યુ-૧ થી ૪, ત્રિભુવન કોમ્પલેક્ષ, પીઝાહટની બાજુમાં, ઘોડદોડ રોડ, સુરત.
ફોન : 2666806, મો. 78744 44876 (પાર્કીંગની વ્યવસ્થા)



# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા



"સૈની ઈન્ડિયા" એક સંપૂર્ણ પાવર સોલ્યુશન આપતી કંપની
24/7 365 SERVICE
➤ સિંગલ યુનિટમાં આપે છે 3000 KVA સુધીના પાવર જનરેટરની ક્ષમતા ➤ સાઉન્ડ લેસ પાવર
SAINI INDIA
Empowering the nation
(A Rakesh Saini Enterprise)
SINCE 1989
31-03-2027 પહેલાં ડીજી સેટ ખરીદો અને મેળવો 2 + 3 વર્ષની વધારાની વૉરંટી
Plot No. 992, Road No. 87, G.I.D.C, Sachin, Surat, Gujarat-394230
Email Id. hp@sainiindia.co.in | Website. www.sainiindia.co.in
Mo.: 95123 55591 | Office : 99041 55591 | 99044 55591



માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ I e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ અંક : ૪૮ * * * સંવત ૨૦૮૨ અષાઢ વદ બારસ , સોમવાર ૧૦ ઓગષ્ટ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ પાનાં ૧૦+૮ કિંમત ₹ ૫.૦૦


# ટ્રમ્પની ગાઝા યોજના નેતન્યાહૂએ ફગાવી

**ઇઝરાયલમાં** જ્યાં સુધી હું પીએમ છું ત્યાં સુધી કોઈ પેલેસ્ટિનિયનને દેશ તરીકે મંજૂરી નહીં : નેતન્યાહુ

**અમેરિકન** પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા જાહેર કરાયેલી 15 મુદ્દાને યોજનાને નેતન્યાહુએ નકારી કાઢી

**નેતન્યાહુ** બોલ્યા, હમાસ સંપૂર્ણપણે નિ:શસ્ત્ર ન થાય ત્યાં સુધી ઇઝરાયલ ગાઝામાંથી પીછેહઠ નહીં કરે



### અમેરિકા અને ઇરાન વચ્ચે કરાર થાય કે ન થાય અમને કોઇ ફરક પડતો નથી : નેતન્યાહુ

ઇઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ ફરી એકવાર ઈરાન અંગે આક્રમક નિવેદન આપ્યું છે. કેબિનેટની બેઠકમાં તેમણે પ્રતિજ્ઞા લીધી છે કે જ્યા સુધી તેઓ વડા પ્રધાન છે ત્યા સુધી ઈરાન કોઈપણ કિંમતે પરમાણુ શસ્ત્રો વિકસાવી શકશે નહીં. તેમણે કહ્યું કે અમેરિકા ઈરાન સાથે કરાર કરે કે ન કરે તેનાથી કોઈ ફરક પડતો નથી. અમે સ્પષ્ટ છીએ કે ઈરાન પાસે પરમાણુ શસ્ત્રો ન હોવા જોઈએ. નેતન્યાહૂએ રવિવારે કેબિનેટની બેઠકમાં કહ્યું, "હું ફરી એકવાર સ્પષ્ટ કરવા માંગુ છું કે સોદો હોય કે ન હોય, જ્યાં સુધી હું વડા પ્રધાન છું ત્યાં સુધી ઈરાન પાસે પરમાણુ શસ્ત્રો રહેશે નહીં." નેતન્યાહૂએ એમ પણ કહ્યું કે ઈરાન પરમાણુ શસ્ત્રો વિકસાવવાનો પ્રયાસ કરી રહ્યું છે.

**તેલ અવીવ, તા. 09 :** ઇઝરાયલી વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ રવિવારે ગાઝા અથવા પશ્ચિમ કાંઠે પેલેસ્ટિનિયન રાજ્યની શક્યતાને નકારી કાઢી હતી અને 15-મુદ્દાની ગાઝા શાંતિ યોજનાને નકારી કાઢી હતી , જેનાથી યુદ્ધને સમાપ્ત કરવા તરફ પ્રગતિના યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના દાવાને મોટો ફટકો પડ્યો હતો. યોજનાની ધીમે ધીમે વધતી ટીકાના એક અઠવાડિયાથી વધુ સમય પછી, અને ઇઝરાયલને ગાઝામાં તાત્કાલિક પાછા ખેંચવાની જરૂર નહીં પડે તેવી ખાતરી મળ્યા છતાં, નેતન્યાહૂએ તેમના જમણેરી સાથીઓના વિરોધ બાદ આ સોદાનો સ્પષ્ટ વિરોધ કર્યો. નેતન્યાહૂએ કહ્યું કે જ્યાં સુધી હું વડા પ્રધાન છું ત્યાં સુધી ગાઝા કે પશ્ચિમ કાંઠે કોઈ પેલેસ્ટિનિયન સ્ટેટ રહેશે નહીં. અમેરિકન રાષ્ટ્રપતિ દ્વારા જાહેર કરાયેલી 15-મુદ્દાની યોજનાને નકારી કાઢતા, નેતન્યાહૂએ એમ પણ કહ્યું કે જ્યાં સુધી હમાસ સંપૂર્ણપણે નિ:શસ્ત્ર ન થાય ત્યાં સુધી ઈઝરાયલ ગાઝામાંથી પીછેહઠ કરશે નહીં. તેમણે કહ્યું હતું કે તેમની પાસે વિચારો છે; તેમાંથી કેટલાક અમને સ્વીકાર્ય છે અને કેટલાક

...અનુસંધાન પાના 2 પર

## ચીનમાં ડોલ્ફિન વાવાઝોડું ત્રાટક્યું : સેંકડો ફ્લાઇટો રદ





**પૂર્વ** કાંઠે ત્રાટકેલા વાવાઝોડાથી નુકસાનની વિગતો હજી આવી નથી : થોડા દિવસ ભારે વરસાદની શક્યતા

**શાંઘાઇના** બે એરપોર્ટે જ ૨૨૩૦થી વધુ ફ્લાઇટો રદ કરી, અંદાજે 10 લાખથી વધુનું સ્થળાંતર

**બેઇજિંગ, તા. 9:** ચીનની રાષ્ટ્રીય વેધશાળાએ રવિવારે બપોરે પૂર્વીય કિનારા પર આવેલા ઝેજિયાંગ પ્રાંતમાં 'ટાયફૂન ડોલ્ફિન' ત્રાટક્યા બાદ રેડ એલર્ટ જાહેર કર્યું છે, જે દેશની ટાયફૂન ચેતવણી પ્રણાલીમાં સર્વોચ્ચ સ્તર છે. દેશમાં કુલ 2230થી વધુ ફ્લાઇટ રદ કરવામાં આવી હતી. અધિકારીઓએ વેન્ઝોઉ શહેરમાંથી 900,000 થી વધુ રહેવાસીઓને સ્થળાંતરિત કર્યા અને 1,000 થી વધુ કટોકટી આશ્રયસ્થાનો ખોલ્યા હતા.

ચીનમાં આ વર્ષનું 13મું ટાયફૂન એવું આ 'ટાયફૂન ડોલ્ફિન' જમીન પર ત્રાટકતી વખતે 42 મીટર પ્રતિ સેકન્ડની મહત્તમ ગતિના પવન સાથે ટકરાયું હતું, જેના કારણે તે લેન્ડફોલ સમયે એક ગંભીર વાવાઝોડું સાબિત થયું હતું. રવિવારથી બુધવાર સુધી ઉત્તર ફુજિયાન, ઝેજિયાંગ, શાંઘાઈ, ઉત્તર જિયાંગ્સી, જિયાંગ્સુ, અનહુઈ, પૂર્વીય હુબેઈ, મધ્ય અને પૂર્વીય હેનાન અને દક્ષિણ શેનડોંગ સહિતના વિસ્તારોમાં ભારે વરસાદ પડશે, જ્યારે મધ્ય-પૂર્વીય ઝેજિયાંગ અને દક્ષિણ અનહુઈના કેટલાક વિસ્તારોમાં અતિભારે વરસાદનો સામનો કરવો પડી શકે છે. જોખમ ધરાવતા વિસ્તારો માટે રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ચીનની હવામાન એજન્સીએ પ્રભાવિત વિસ્તારોના

...અનુસંધાન પાના 2 પર

## બંગાળમાં મમતાની કાર પર કાદવ અને ચંપલ ફેંકી ચોર ચોરનો સૂત્રોચ્ચાર





**24 પરગણામાં** પોલીસ કસ્ટડીમાં મૃત્યુ પામેલા TMC કાર્યકરના પરિવારને મળવા ગયા ત્યારે આ ઘટના બની

**પોતે** આ મુલાકાત કાર્યક્રમની જાણ કરી હોવા છતાં પોલીસે કોઇ સુરક્ષા વ્યવસ્થા ન કરી હોવાનો મમતાનો આક્ષેપ

**કોલકાતા, તા. 9 (PTI):** પશ્ચિમ બંગાળના ભૂતપૂર્વ મુખ્યમંત્રી મમતા બેનર્જીને રવિવારે વિરોધ પ્રદર્શન કરનારા એક જૂથનો સામનો કરવો પડ્યો હતો, જેમણે તેમના વાહનને ઘેરી લીધું હતું, ચોર-ચોરના નારા લગાવ્યા હતા અને તેમની કાર પર કાદવ તથા ચંપલ ફેંક્યા હતા. આ ઘટના ત્યારે બની જ્યારે તેઓ ઉત્તર 24 પરગણા જિલ્લામાં કથિત રીતે પોલીસ કસ્ટડીમાં મૃત્યુ પામેલા એક ટીએમસી કાર્યકર્તાના પરિવારને મળવા ગયા હતા.

આ સંઘર્ષને કારણે બેનર્જીની મુલાકાત એક તણાવપૂર્ણ રાજકીય તમાશામાં ફેરવાઈ ગઈ હતી. પ્રદર્શનકારીઓએ વાહનનો રસ્તો રોકી દેતાં પોલીસે તેમના વાહનની આસપાસ સુરક્ષા કવચ બનાવવું પડ્યું હતું, જ્યારે બીજી તરફ હરીફ પક્ષોએ એકબીજા પર રાજકીય ઉશ્કેરણી, જનતાનો આક્રોશ અને વહીવટી નિષ્ફળતાના આક્ષેપો કર્યા હતા. આ વિસ્તારમાં પહોંચ્યા પછી પત્રકારો સાથે વાત કરતા બેનર્જીએ જણાવ્યું હતું કે, મારી કાર પર પથ્થરો, જૂતાં અને કાદવથી હુમલો કરવામાં આવ્યો છે. આ એક ષડયંત્ર સિવાય બીજું કંઈ નથી. મેં પોલીસને જાણ કરી હતી કે હું આવી રહી છું, તેમ છતાં કોઈ સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી નહોતી. તેમણે ઉમેર્યું કે, સુરક્ષાની વાત તો છોડો,

...અનુસંધાન પાના 2 પર

## જો ઈરાન હોર્મુઝ ખોલે તો પરમાણુ મુદ્દાને બાજુએ મૂકવા ટ્રમ્પ તૈયાર?!

**ટ્રમ્પ** ઇરાન યુદ્ધમાંથી બહાર નિકળવા હવે ઉતાવળા થયાના અહેવાલ

**એવી** દલીલ કરી રહ્યા છે કે ઇરાન હવે ટૂંક સમયમાં પરમાણુ કાર્યક્રમ ફરી શરૂ કરી શકે તેમ નથી

**વૉશિંગ્ટન, તા. 9 :** ઈરાન સામે મોટા પાયે સૈન્ય સંઘર્ષ વધારવાની અઠવાડિયાઓ સુધીની આક્રમકતા પછી, અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ એક એવા યુદ્ધમાંથી બહાર નીકળવાનો રસ્તો શોધી રહ્યા હોય તેવું લાગે છે જે તેમની અપેક્ષા કરતાં વધુ મુશ્કેલ સાબિત થયું છે. ટ્રમ્પ હવે પરમાણુ મુદ્દાને બાજુ પર મૂકવા અને જો તેહરાન હોર્મુઝની સામુદ્રધૂનિ સંપૂર્ણપણે ફરીથી ખોલી દે, પોતાની જીત જાહેર કરી દેવા ઉતાવળા થઈ રહેલા લાગે છે.

'ધ વોલ સ્ટ્રીટ જર્નલ'ના અહેવાલ મુજબ, ટ્રમ્પ આવા પરિણામ માટે અઠવાડિયાઓથી ભૂમિકા તૈયાર કરી રહ્યા છે અને તેમણે ખાનગીમાં તેમના વરિષ્ઠ સહયોગીઓને જણાવ્યું છે કે તેઓ તેહરાન સાથે પરમાણુ કરાર કર્યા વિના પણ પાછા હટી શકે છે. જો કે, ઈરાને સામુદ્રધુની ફરીથી ખોલવા માટે માંગણીઓની એક લાંબી યાદી રજૂ કર્યા પછી ટ્રમ્પ માટે આ સંભવિત બહાર નીકળવાની યોજના વધુ મુશ્કેલ બની ગઈ છે. આ ઘટનાક્રમોએ ટ્રમ્પ માટે સન્માનજનક રીતે યુદ્ધનો અંત લાવવાના વિકલ્પો મર્યાદિત કરી દીધા છે. મિસાઈલ અને ડ્રોન હુમલાઓ દ્વારા સાંકડી સામુદ્રધુનીમાં ટ્રાફિકને રોકવાની ઈરાનની ક્ષમતાએ તેહરાનને ઘણું મજબૂત સ્થાન આપ્યું છે. આ વિક્ષેપને કારણે વ્યાપારી જહાજોની અવરજવર ધીમી પડી ગઈ છે અને વૈશ્વિક તેલ બજારોમાં અસ્થિરતા આવી છે. એપ્રિલ મહિનાથી જ યુએસ-ઈરાન તણાવના કેન્દ્રમાં પરમાણુ મુદ્દો રહ્યો છે, જ્યારે વ્હાઈટ હાઉસે ચેતવણી આપી હતી કે તેહરાનને ક્યારેય પરમાણુ હથિયાર મેળવવા દેવામાં આવશે નહીં. ટ્રમ્પે શરૂઆતમાં પરમાણુ વાટાઘાટોને ઈરાન સાથેની સમજૂતીનો એક ભાગ બનાવવાનો પ્રયાસ કર્યો હતો. જો કે, આ વાટાઘાટો મુશ્કેલ બનતા વ્હાઈટ હાઉસે હોર્મુઝની સામુદ્રધુની ફરીથી ખોલવા પર વધુ ભાર મૂકવાનું શરૂ કર્યું. 'ધ વોલ સ્ટ્રીટ જર્નલ'ના જણાવ્યા અનુસાર, ટ્રમ્પે તાજેતરના અઠવાડિયામાં ખાનગીમાં વરિષ્ઠ સહયોગીઓને જણાવ્યું છે કે તેઓ માને છે કે મે ૨૦૨૫માં અમેરિકાએ

...અનુસંધાન પાના 2 પર

## કોંગ્રેસ અને તેના સાથી પક્ષોના વિરોધથી સંસદનું ચોમાસુ સત્ર ધોવાણ તરફ

**મડાગાંઠને** કારણે મહિલા અનામત, સીમાંકન, એફસીઆરએ સહિતના મુખ્ય બિલોના ભાવિ અંગે અનિશ્ચિતતા

**કોંગ્રેસ** અને તેના મોટા ભાગના સહયોગીઓનો આ બીલ લાવવાના કોઇપણ પગલાનો વિરોધ કરવાનો સંકલ્પ

**નવી દિલ્હી, તા. 9 (PTI).** ચોમાસુ સત્રના માત્ર ચાર દિવસ બાકી રહ્યા હોવાથી સંસદમાં ચાલુ મડાગાંઠ વચ્ચે મહિલા અનામત, સીમાંકન અને વિદેશી યોગદાન (નિયમન) અધિનિયમ (એફસીઆરએ) અંગેના અગ્રણી બિલોનું ભવિષ્ય અનિશ્ચિત બન્યું છે. સોમવાર માટેની લોકસભાની કાર્યસૂચિમાં આમાંથી એક પણ વિધેયકનો સમાવેશ કરવામાં આવ્યો ન હતો. સરકારના સંપર્ક પ્રયાસો પછી કેટલીક વિપક્ષી પાર્ટીઓએ મહિલા અનામત અને સીમાંકન બિલો પર પોતાનું વલણ નરમ પાડવાના સંકેત આપ્યા છે, પરંતુ કોંગ્રેસ અને તેના મોટા ભાગના સહયોગીઓએ આ

...અનુસંધાન પાના 2 પર

## ઈડી ડિરેક્ટર રાહુલ નવીનને એક વર્ષનું એક્સટેન્શન મળ્યું

**નવી દિલ્હી, તા. 9 (PTI):** કેન્દ્ર સરકારે એનફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)ના ડિરેક્ટર રાહુલ નવીનનો કાર્યકાળ 13 ઓગસ્ટથી આગળ એક વર્ષ માટે લંબાવ્યો છે. એમ એક સરકારી આદેશમાં જણાવાયું છે. ઈન્કમ ટેક્સ કેડરના 1993-બેચના ઈન્ડિયન રેવન્યુ સર્વિસ (આઈઆરએસ) અધિકારી, 59 વર્ષીય નવીન 14 ઓગસ્ટ, 2024થી આ કેન્દ્રીય મની લોન્ડરિંગ વિરોધી એજન્સીનું પૂર્ણકાલીન વડા તરીકે નેતૃત્વ કરી રહ્યા છે. કેબિનેટની

...અનુસંધાન પાના 2 પર

## હિંદ મહાસાગર સુધીના રેલ માર્ગનું રશિયન નાયબ વડાપ્રધાનનું સૂચન

**જો આ** રેલ માર્ગ શરૂ થાય તો હોર્મુઝ અને બોસ્ફોરસ જેવા સંવેદનશીલ દરિયાઇ માર્ગો પરની નિર્ભરતા ઘટાડી શકાય

**મોસ્કો, 9 (PTI):** રશિયાએ હોરમુઝ અને બોસ્ફોરસ જેવી વ્યૂહાત્મક રીતે સંવેદનશીલ દરિયાઈ ખાડીઓ પરની નિર્ભરતા ઘટાડવા માટે હિંદ મહાસાગર સુધીનો રેલવે માર્ગ બનાવવાની જરૂર છે, એમ રશિયાના નાયબ વડા પ્રધાન મરાત ખુસનુલિને જણાવ્યું છે. પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે તેમની આ ટિપ્પણી આવી છે, જેના કારણે હોરમુઝની ખાડીમાંથી થતી જહાજી અવરજવબ ગંભીર રીતે પ્રભાવિત થઈ છે, આ એક એવો જળમાર્ગ છે જેમાંથી સામાન્ય સંજોગોમાં દુનિયાનો આશરો પાંચમો ભાગનો ઊર્જા પુરવઠો પસાર થાય છે. રશિયાની સરકારી ન્યૂઝ એજન્સી ટાસ સાથેની વાતચીતમાં ખુસનુલિને ગુરુવારે જણાવ્યું કે, હિંદ

...અનુસંધાન પાના 2 પર

## ઝારખંડ પેપર લીક વિવાદ : JPSCના તમામ સભ્યોના રાજીનામા

**રાજ્ય** સરકાર અને વિદ્યાર્થીઓ વચ્ચેની મંત્રણાનો નવો રાઉન્ડ પણ નિષ્ફળ

**પરીક્ષા** ગેરરીતિઓ અંગે સીબીઆઇ તપાસની માગ પર વિદ્યાર્થીઓ મક્કમ



**રાંચી, તા. 9 (PTI):** એજન્સી દ્વારા આયોજિત ભરતી પરીક્ષાઓમાં કથિત ગેરરીતિઓને લઈને ચાલી રહેલા ભારે વિરોધ પ્રદર્શન વચ્ચે ઝારખંડ જાહેર સેવા આયોગ(JPSC) ના તમામ ત્રણેય સભ્યોએ રવિવારે રાજીનામું આપી દીધું છે.

...અનુસંધાન પાના 2 પર

### સોરેનનું ગેરરીતિમાં સંડોવાયેલાઓ સામે કડક કાર્યવાહીનું વચન

**રાંચી.** ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેને રવિવારે ભરતી પરીક્ષાઓમાં કથિત ગેરરીતિઓનો વિરોધ કરી રહેલા યુવાનોને પારદર્શિતા સાથે ન્યાય આપવાનું વચન આપ્યું હતું, અને સાથે જ ભારપૂર્વક

...અનુસંધાન પાના 2 પર

### તા. ૦૯-૦૮-૨૦૨૬નું સુરત શહેરનું હવામાન

| | | |
|---|---|---|
| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો 0.0 મીમી | મોસમનો ૧૭૧૨ મીમી |
| ઉકાઇ | સપાટી આજની ૩૩૪.૭૭ ફૂટ | આઉટફ્લો ૨૧,૮૦૮ ક્યુસેક |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | ૩૨.૦ સે. | ૨૭.૧ સે. | ૮૦% |

## બંગાળના ચાના ખેડૂતનું અપહરણ: સરહદ પાર કરાવી બાંગ્લાદેશ લઈ જવાયો

### ચાના બગીચામાં કામ કરી રહેલા ખેડૂતને વીસેક જેટલા બાંગ્લાદેશીઓ પકડી ગયા, ઘૂસણખોરીનો એક પ્રયાસ નિષ્ફળ બનાવવાનો બદલો લીધો હોવાની શંકા

**કોલકાતા, તા. 9 :** પશ્ચિમ બંગાળના જલપાઈગુડી જિલ્લાના એક ૩૫ વર્ષીય ચાના ખેડૂતનું શનિવારે ભારત-બાંગ્લાદેશ સરહદ નજીક આવેલા એક ચાના બગીચામાંથી બાંગ્લાદેશી પુરુષોના એક જૂથ દ્વારા કથિત રીતે અપહરણ કરવામાં આવ્યું હતું.

ચૌલહાટી સરહદી વિસ્તારના તાસાર પારા ગામમાં રહેતા આ ખેડૂતની ઓળખ દીપાંકર ગોપે તરીકે થઈ છે. તેના પરિવારનું માનવું છે કે અગાઉ ગેરકાયદેસર રીતે સરહદ પાર કરવાના એક પ્રયાસને



અટકાવવામાં આવ્યો હોવાથી, તેનો બદલો લેવા માટે તેનું અપહરણ કરવામાં આવ્યું છે. સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, ૬ ઓગસ્ટના રોજ એક બાંગ્લાદેશી નાગરિકે ચૌલહાટી સરહદ પર કાંટાળા તારની

...અનુસંધાન પાના 2 પર


ઘરે બેઠા- ફક્ત Listening દ્વારા- શ્રેષ્ઠ પરિણામ
સ્પોકન ઈંગ્લિશ કોર્સ
વિશેષ માહિતી માટે Yes મોકલાવો WhatsApp : 98790 15859